# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail.com

**૧૭ જુલાઈ ૨૦૨૨ – મહિલા મંડળ** **શ્રેણી – ૯** **કુલ ગુણ : ૧૦૦**

(૧૫)

**પ્ર.૧ (અ) નીચેના શબ્દોના અર્થ લખી કયા પાઠમાં આવે છે તે લખો.** **(૫)**

૧. સંથરીને ૨. જંભાઈએ ૩. પડિહય ૪. કક્ષાલિક ૫. ન સોહિયં

**(બ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. પ્રતિક્રમણ કેટલા બોલનું છે? તે બોલ કયા કયા?
૨. સાધુપણાની યાદ કરાવનાર શબ્દ કયા છે? મૂળ પાઠ અર્થ સાથે લખો.
૩. સન્માન એટલે શું?
૪. સર્વકાળની આશાતના એટલે શું?
૫. પરમાર્થ એટલે શું અને પરપાસંડ એટલે શું?

(૫૫)

**પ્ર.૨ (અ) પાંચ જ્ઞાનના આધારે જવાબ લખો.** **(૩૦)**

**(૧) વ્યાખ્યા લખો.** **(૬)**

૧. મિથ્યા શ્રુત ૨. પારિણામિકા બુદ્ધિ ૩. અયોગી ભવસ્થ કેવળજ્ઞાન
૪. જ્ઞેય ૫. ગમિક શ્રુત ૬. અસંબદ્ધ

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ માત્ર એક શબ્દમાં લખો.** **(૫)**

૧. જ્ઞાનને ધારણ કરવું તે? ૨. વિશેષપણે જાણે તે? ૩. અક્ષરના આકારનું જ્ઞાન તે?
૪. આત્માથી પ્રત્યક્ષ થાય તે જ્ઞાન? ૫. અનંતર સિદ્ધ કેવળજ્ઞાનના ભેદ?

**(૩) ખાલી જગ્યા પૂરો.** **(૪)**

૧. આણત દેવલોકના દેવનું અવધિજ્ઞાન ....... ને આકારે હોય છે તિર્ચ્છાલોકનું ક્ષેત્ર ...... છે.
૨. મન:પર્યવજ્ઞાન ...... અને ...... ને ઉત્પન્ન થાય છે.
૩. શ્રુતની વિરાધના કરનાર ...... અપેક્ષા ...... માં પરિભ્રમણ કરે છે.
૪. વ્યંજનાવગ્રહનો કાળ ...... અને અર્થાવગ્રહનો કાળ ...... છે.

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૫)**

૧. ઈન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાન એટલે શું? તે કેટલા છે? કયા કયા? (૩)
૨. ભાવથી મન:પર્યવજ્ઞાનનો વિષય લખો. (૨×૬)
૩. ભવસ્થ કેવળજ્ઞાન એટલે શું? તેના કેટલા ભેદ છે? કયા કયા?
૪. અવધિજ્ઞાનનું જઘન્ય અને ઉત્કૃષ્ટ ક્ષેત્ર લખો.
૫. ઈહા એટલે શું? તેના ભેદ કેટલા છે?
૬. કાળથી સાદિ–અનાદિ, સપર્યવસિત–અપર્યવસિત શ્રુત લખો.
૭. શુદ્ધિ અને દર્શનની અપેક્ષાએ અવધિજ્ઞાન અને મન:પર્યવજ્ઞાન વચ્ચેનો તફાવત લખો.

**(બ) ચાર કષાયના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. આત્મ પ્રતિષ્ઠિત અને વેદ્યા એટલે શું?

૨. માનના પ્રકાર કેટલા છે? પહેલા–ચોથાનું નામ અને બીજા–ત્રીજાની વ્યાખ્યા લખો.

૩. અર્થ લખો – વત્થુ, આભોગ.

૪. કષાયના દળિયા કેટલા? ક્રોધ કષાયના દળિયાના ભાંગા કેટલા? કેવી રીતે? ટૂંકમાં લખો.

૫. કયા કષાય લાભે? જમીન માટે કાકા પર કેસ કર્યો, મેં દિવાલ પર માથું પછાડ્યું, મોહનીય કર્મના ઉદયથી માન આવ્યું, શ્રાવકપણું ન લેવા દે.

**(ક) ચાર ધ્યાનના આધારે જવાબ લખો.** **(૧૫)**

**(૧) અર્થ લખો.** **(૪)**

૧. અજ્ઞાન દોષ  ૨. વિલપન  ૩. અસંમોહ  ૪. અસરણાણુપ્પેહા

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૧)**

૧. સમકિતીને અને વર્તમાને ૧૫ કર્મભૂમિમાં કેટલા અને કયા કયા ધ્યાન હોય? (૫)

૨. ચાર ધ્યાન કયા સૂત્રનો અધિકાર છે? તે અંગ છે કે ઉપાંગ? કાલિક છે કે ઉત્કાલિક? (૪)

૩. રૌદ્રધ્યાનનો બીજો પાયો, ધર્મધ્યાનનું ત્રીજું આલંબન, શુક્લધ્યાનની ચોથી અનુપ્રેક્ષા, આર્તધ્યાનનું પહેલું લક્ષણ લખો. (માત્ર નામ લખો.) (૨)

(૧૦)

**પ્ર.૩ સંસ્કાર વિભાગના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. અચેત પાણીના નામ કયા સૂત્રમાં છે? કોની સાથે વેર ન બંધાય?

૨. પરઠીને પાછા ઉપાશ્રયમાં આવીને શું કરવું? સંમૂર્ચ્છિમ જીવોની દયા પાળવા શું જાણવું જરૂરી છે?

૩. વ્રત લેવાથી શેનાથી બચાય છે? અવ્રતી શેનો ત્યાગ કરતો નથી? સનત્કુમારે શું છોડી વ્રત લીધા?

૪. ભોજનમાં અણગમો તે કયું ધ્યાન છે? તેનાથી શું થાય છે? ક્ષમા રાખવાથી શેનો લાભ મળે છે? કડવા શબ્દો કહેનાર શા માટે ઉપકારી છે?

૫. છટ્ઠા અને સાતમા નિન્હવનું નામ લખી તેઓ શા માટે નિન્હવ થયા?

(૧૦)

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ ૩ થી ૪ લીટીમાં લખો.**

૧. સકડાલ પુત્ર કોણ હતા? તે કોના અનુયાયી હતા? તેઓ શેનો વેપાર કરતા હતા? તેમની પાસે કેટલી કર્મશાળા હતી?

૨. સકડાલ પુત્રના જીવનમાં કોનું મહત્ત્વ હતું? તે કેવા હતા?

૩. ગોશાલકે ભગવાનને મહામાહણ કેમ કીધા?

૪. સોમા સાધ્વી શેનો અભ્યાસ કરશે? તેઓ ક્યાં ઉત્પન્ન થશે? ત્યાં તેમની સ્થિતિ કેટલી હશે? ત્યાંથી ક્યાં જશે?

૫. કોણ બોલે છે અને કોને કહે છે? – ૧) મને સંતાન થાય.
૨) આપ તેનો સ્વીકાર કરો.

(૧૦)

**પ્ર.૫ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. મુજે સુખ ........ કુરબાન હો.  ૨. સંયમ ......... પરમાતમને.  ૩. માનને ........ માયાને.

૫. સાધુના ગુણ અને મહાવ્રત જે કડીમાં આવતા હોય તે કડી લખો.

**જય – જિનેન્દ્ર**